# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2025** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **કેન્દ્રીSAય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે આણંદ ખાતે ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલયનું ભૂમિપૂજન કરશે – જનસભાને સંબોધશે.**
2. **કેન્દ્રીSAય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ આજે સુરતમાં મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ – ખાતમુહૂર્ત કરશે.**
3. **ગઈકાલે 188 તાલુકામાં વરસાદ – આજે પણ સાર્વત્રિક વરસાદની આગાહી.**
4. **મેડિકલ –ડેન્ટલ સહિતના અભ્યાસક્રમો માટે આજથી નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ.**
5. **પોલીસ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં અમદાવાદના સર્વેશ પાલે સુવર્ણ ચંદ્રક જીત્યો.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH – GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ બે દિવસીય ગુજરાતના પ્રવાસે છે. શ્રી શાહ આજે સવારે આણંદ ખાતે રાષ્ટ્રીય કક્ષાની સહકારિતા વિશ્વવિધ્યાલય ત્રિ ભુવન સહકારી વિશ્વ વિદ્યાલયનું ભૂમિપૂજન કરશે, અને આવતીકાલે સવારે શ્રી શાહ સહકાર મંત્રાલય ચોથા સ્થાપના દિવસની પ્રસંગે આણંદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સભાને સંબોધિત કરશે.

આણંદ જિલ્લાના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે સવારે આણંદના વાલ્મી ખાતેથી દેશની સૌ પ્રથમ સહકાર યુનિવર્સિટી "ત્રિ ભુવન સહકારી યુનિવર્સિટી"નું ભૂમિપૂજન અને શિલાન્યાસ કરશે. ત્યારબાદ તેઓ આણંદની કૃષિ યુનિવર્સિટી ખાતે જનસભાને સંબોધન કરશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ , કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી કૃષ્ણપાલ, કેન્દ્રીય સહકાર અને નાગરિક ઊડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ તથા સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિતિ રહેશે.

આવતીકાલે શ્રી શાહ **NDDB** ખાતે 16 કરોડ બે લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત બિલ્ડીંગનું લોકાપર્ણ કરશે. આ બિલ્ડીંગમાં ચેરમેન ઓફિસ, બોર્ડ રૂમ, મીટીંગ રૂમ, એક્ઝિબિશન અને ડિસ્પ્લે રૂમ, મીડિયા બ્રિફિંગ રૂમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

દરમ્યાન કેન્દ્રીય મંત્રી અમિત શાહના બે દિવસીય રાજ્યના પ્રવાસને લઈને રાજ્યના સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષપદે ગઈકાલે આણંદ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જેમાં શ્રી શાહના બે દિવસના કાર્યક્રમોની વિસ્તૃત રૂપરેખા મેળવી મંત્રીશ્રીએ હેલીપેડ, કૃષિ યુનિવર્સિટી, વાલ્મી અને અમૂલની મુલાકાત લઈ જાતનિરીક્ષણ કરી જરૂરી રચનાત્મક સૂચનો પણ કર્યા હતા.

---

# C R PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ આજે સાંજે સુરત મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરશે. શ્રી પાટીલ સુરત શહેર તથા જિલ્લામાં પુરની સ્થિતિના નિવારણ માટેની બેઠકમાં પણ ઉપસ્થિત રહેશે.

શ્રી પાટીલ સવારે ગાંધીનગર અને અમદાવાદ વિવિધ કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

---

# MANDAVIYA – GUJARAT

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ આજે અને આવતીકાલે એમ બે દિવસ રાજ્યની મુલાકાતે છે. આજે સવારે શ્રી માંડવિયા ઉપલેટા તાલુકાના ભાયાવદર ખાતે 10 કરોડ પાંચ લાખ રૂપિયાના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત ત્યારબાદ તેઓ પોરબંદરની મુલાકાતે જશે જ્યાં તેઓ રેલવે સ્ટેશનની મુલાકાત લઈ તેનું નિરીક્ષણ કરશે , આવતીકાલે સવારે ઉપલેટા ગોરસ કાર્યાલય ખાતે જનસંપર્ક કરશે અને નાગરિકોના પ્રશ્નો સાંભળી તેનું નિરાકરણ કરશે.

---

# RAIN STATE (PAGE – 1)

રાજ્યભરમાં આજે પણ સાર્વત્રિક વરસાદની હવામાન વિભાગની આગાહી છે.

ગઈકાલ રાત સુધીમાં રાજ્યના 188 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સાડા ત્રણ ઇંચ વરસાદ સુરત જિલ્લાના પલસાણા અને બનાસકાંઠાના કાંકરેજ તાલુકામાં નોંધાયો છે. જ્યારે અડધા ઈંચથી ઓછો વરસાદ અંજાર , હિંમતનગર, કલોલ, અબડાસા, જેતપુર, ગોધરા અને ધાનપુર તાલુકમાં નોંધાયો છે.

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે , ગઈકાલે બપોર પછી વાતાવરણ બદલાતા ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. લગભગ દોઢ કલાક સુધી સતત વરસતા વરસતા રોડ પર પાણી વહેતા થતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સરસ્વતી તાલુકામાં સૌથી વધુ દોઢ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લાના મહુવા અને ઉમરાળામાં પોણા બે ઇંચ વરસાદ પડ્યો છે. જ્યારે વલ્ભીપુરમાં એક ઈંચ, ભાવનગર શહેર સહિત અનેક વિસ્તારમાં અડધો ઇંચ વરસાદ પડ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકમાં આવેલ મુક્તેશ્વર ડેમ અને પાણીયારી ધોધ ખાતે આગામી 30 નવેમ્બર સુધી તંત્રએ લોકોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુક્યો છે.

રાજકોટ જિલ્લામાં પડેલ વરસાદના લીધે નવા નીરની આવક થઈ છે. આજી-2 ડેમના 3 દરવાજા 0.15 મીટર ખોલવામાં આવ્યા છે. જેથી ડેમના નિચાણવાળા વિસ્તારમાં આવેલા પડધરી તાલુકાના અડબાલકા, બાધી, દહીંસરડા, ડુંગરકા, ગઢડા

સહિત અનેક ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા તાકીદ કરાઈ છે.

ડાંગ જિલ્લાનાં ત્રણેય તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસતા ડાંગની ચારેય નદીઓ બે કાંઠે વહી રહી છે. ડાંગના ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે, તો પ્રવાસીઓ ગીરા અને ગીરમાળ ધોધ જોવા માટે મોટી સંખ્યામાં આવી રહ્યા છે.

સાંભળીએ અમારા પ્રતિનિધિ મુનીરા શેખનો અહેવાલઃ

**(VOICE CAST - MUNIRA SHEKH GEERMALA)**

---

## PRAVESH PAKRIYA

મેડિકલ – ડેન્ટલ સહિતના અભ્યાસક્રમો માટે આજથી નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ધોરણ 12 સાયન્સ પછી નીટ આધારીત મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદિક અને હોમીયોપેથિમાં પ્રવેશ માટે પ્રવેશ પ્રક્રિયા જાહેર કરાઈ છે. જે મુજબ આજથી 18 જુલાઈ સુધી ઓનલાઈન પીન વિતરણ અને રજિસ્ટ્રેશન થશે. 19 જુલાઈ સુધી પ્રમાણપત્રોની નકલ જમા કરી શકાશે તથા અરજીની ચકાસણી થશે. પ્રવેશ પ્રક્રિયાના માર્ગદર્શન માટે રાજ્યભરમાં 28 હેલ્પ સેન્ટર ઉપલબ્ધ કરાવાયા છે.

---

# AMRELI-5 CRORE GRANT

અમરેલી જિલ્લાના ધારાસભ્ય કૌશિક વેકરીયાએ ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ( DMF)માંથી અમરેલી APMCને ફાળવેલ 5 કરોડ રૂપિયાની ગ્રાન્ટમાંથી મરચાની હરાજી માટે આધુનિક શેડ બનાવવામાં આવશે. સાવરકુંડલા રોડ પર આવેલું આ માર્કેટિંગ યાર્ડ અમરેલી ઉપરાંત જૂનાગઢ અને ભાવનગર જિલ્લાનું મુખ્ય યાર્ડ બનશે. અહીં લાલ-સૂકા મરચા , ડુંગળી અને લસણની હરાજી થશે.

આ વિશે વધુ માહિતી આપે છે.. યાર્ડના ભૂતપૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા,,,,

**(બાઈટ –પી પી સોજીત્રા, પૂર્વ યાર્ડના ચેરમેન)**

---

# DANG THREE NEW CRIMINAL LAWS

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા લોક જાગૃતિ માટે ત્રણ નવા કાયદાની વિષય વસ્તુ પર આધારિત ચિત્રો અને ઓડિયો-વિડિયો કન્ટેન્ટ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ભારતીય ન્યાય સંહિતા , ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા તથા ભારતીય સાક્ષ્ય અધિનિયમની આ વિષય વસ્તુ પર આધારિત સ્પર્ધામાં યુવાનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

આ વિશે વધુ માહિતી આપે છે.. ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક એસ.જી. પાટીલ.....

**(બાઇટ --એસ જી પાટિલ ,પોલીસ અધિક્ષક ડાંગ )**

---

# WPFG

અમેરિકાના અલ્બામા ખાતે આયોજીત  વિશ્વ પોલીસ બોક્સિંગ ચેમ્પિયનશિપ અને ફાયર ગેમ્સમાં બીએસએફમાં ફરજ બજાવતા અમદાવાદના સર્વેશ પાલે 60 કિલોગ્રામ વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. સર્વેશ પાલનું હાલ જમ્મુ કાશ્મીરમા પોસ્ટીંગ છે. આ ટૂર્નામેન્ટની સાથે સર્વેશ પાલે ઘણી ટૂર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું છે.

---

# BANAS MEDICAL COLLEGE PROGRAM

બનાસ મેડિકલ કોલેજ મોરીયા ખાતે ગઇકાલે મહિલા પ્રશિક્ષણ તથા મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય  મહિલા આયોગના ચેરમેન, વિધાનસભાના અધ્યક્ષ અને રાજસ્થાનના પશુપાલન મંત્રી ઉપસ્થિતિ રહ્યા હતા. આ તાલીમ કાર્યક્રમમાં રાષ્ટ્રીય મહિલા આયોગના ચેરમેન શ્રીમતી વિજ્યા રાહટકરે   જણાવ્યું કે  મહિલા આયોગ ડેરી ઉદ્યોગ સાથે મહિલાઓના પ્રશિક્ષણ માટે કાર્ય કરી રહ્યું છે.

વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે , ડેરી ઉદ્યોગમાં ગુજરાત સાથે રાજસ્થાન પણ આગળ વધી રહ્યું છે. આ તાલીમ થકી બનાસકાંઠાની મહિલા પશુપાલકો ચોક્કસથી પ્રગતિ અપનાવશે.

આ પ્રસંગે રાજસ્થાનના પશુપાલન મંત્રી જોરારામ કુંપાવતએ જણાવ્યું કે    , ગુજરાત મોડલની જેમ બનાસ મોડલ અપનાવી રાજસ્થાન પણ ડેરી ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે આ કાર્યક્રમમાં રાજસ્થાનની ૫૦ પશુપાલક મહિલાઓ ત્રણ

દિવસ સુધી તાલીમ મેળવશે તથા બનાસ ડેરીના વિવિધ પ્લાન્ટ તેમજ બનાસકાંઠાની મહિલા પશુપાલકોને મળીને ડેરી ઉદ્યોગમાં તેમણે કરેલી ક્રાંતિ અંગે માર્ગદર્શન મેળવશે.

---

# "FOOD SATURATION CAMPAIGN"

પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાની અધ્યક્ષતામાં ખંભાળિયા ખાતે "અન્ન સંતૃપ્તિકરણ અભિયાન" અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો

આ કાર્યક્રમમાં અંદાજિત બે હજાર કરતા વધુ ગંગા સ્વરૂપા બહેનો , વૃદ્ધ વ્યક્તિઓ અને દિવ્યાંગ લાભાર્થીઓને લાભ વિતરિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રીએ કહ્યું કે , ગરીબો તથા વંચિતો સહિત કોઈપણ નાગરિક ભૂખ્યા ન રહે તેની દરકાર રાજ્ય સરકાર લઈ રહી છે . આહાર, આવાસ અને આરોગ્ય થકી ગરીબો તથા વંચિતોના સશક્તિકરણ માટે ભગીરથ પ્રયાસો કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

---